જન્મશતાબ્દી પુસ્તકમાળા

# કર્મકાંડની પ્રેરણાઓમાં છુપાયેલું અધ્યાત્મ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# કર્મકાંડની પ્રેરણાઓમાં છુપાયેલું અધ્યાત્મ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્‌ ॥

## કોડીની કિંમતનું શરીર

દેવીઓ, ભાઈઓ !

હું તમને પ્રાણ અને શરીર વચ્ચેનું અંતર સમજાવવાનો પ્રયત્ન કરું છું અને એ બતાવું છું કે શરીરનું મૂલ્ય કેટલું છે અને પ્રાણોનું મૂલ્ય કેટલું છે, બંનેની કિંમતમાં કેટલો ફરક છે. આપણું શરીર કામનું તો છે, પરંતુ જો તે મરી જાય, તેમાંથી પ્રાણી નીકળી જાય તો ?

આ શરીરનું શું કરશો ? તો આ શરીરની કેટલી કિંમત મળશે ? તમે આ શરીરને લઈને બજારમાં જાઓ અને કહો કે આ આચાર્યજીનું મૃત શરીર છે અને તે વેચવાનું છે, ખરીદી લો, તો કોઈ માણસ તેને ખરીદવા તૈયાર નહિ થાય.

જો તમે એને કોઈ રસાયણ વિજ્ઞાનીને આપશો તો એમાંથી ત્રણચાર રૂપિયાની કિંમતના પદાર્થો મળશે. શરીરમાં હાડકાં કેટલાં છે ? એમનો જો પાવડર કરવામાં આવે તો દશ ફુટ લાંબી અને સાત ફૂટ પહોંળી દીવાલ ધોળી શકાય એટલો ચૂનો મળશે. આ ચૂનાની કેટલી કિંમત હોઈ શકે ? તે ત્રણ આનાનો થશે. હાડકાંમાં લોખંડ કેટલું છે ?

એમાંથી ફક્ત એક મોટી ખીલી બને તેટલું લોખંડ મળશે. તે કેટલા પૈસાનું થાય ? દશ પૈસાનું થાય છે.

**કાયા તો માત્ર ઢાંકણ છે** : મિત્રો ! હું આ શરીરની વ્યાખ્યા કરી રહ્યો છું. સારું સાહેબ ! આ શરીરની અંદર બીજું શું શું છે ? તેમાં ચરબી છે.

બસ, તમે આ શરીર લઈ જાઓ અને તેની હરાજી કરી દો. તમને એના ત્રણ રૂપિયા મળશે. તમે મને લઈ જાઓ અને મારી હરાજી કરી દો. મહિને દસ હજાર રૂપિયામાં તમે મને ગમે ત્યાં વેચી દો. હું એવું લખાણ લખીશ કે જેનાથી એ માણસ જો મારો લેખો છાપશે તો માલામાલ થઈ જશે અને તેની સાત પેઢીઓ માલામાલ થઈ જશે. આ મારી અક્કલની કિંમત છે.

આ શરીરની કેટલી કિંમત હોઈ શકે ? આ કલેવર તો અધ્યાત્મનો માત્ર એક ભાગ છે. કલેવર કેટલી કિંમતનું છે ? કોઈ કિંમતનું નથી. તે નકામું છે, પરબીડિયા જેવું છે. વીંટી ખરીદવા તમે સોનીને ત્યાં જાઓ. તે તમને વીટીંની સાથે એક ડબ્બી આપશે. સાહેબ , આ ડબ્બી કેટલા પૈસાની છે ? દસ આનાની છે. વીંટી કેટલા રૂપિયાની છે ? સાડા છસો રૂપિયાની છે. ડબ્બી મખમલની બનેલી છે તથા તે આકર્ષક લાગે છે, પણ તે તો દસ આનાની જ છે.

### કર્મકાંડ માત્ર કલેવર છે

મિત્રો ! આધ્યાત્મિકતાનો એક ભાગ છે, જેને આપણે કર્મકાંડ કહીએ છીએ. તે બે કોડીનું છે. તે માત્ર દેખાડો છે. તેની અંદર કોઈ જ્ઞાન નથી. જ્ઞાન કોની અંદર છે તે હું તમને સમજાવવાની કોશિશ કરી રહ્યો હતો.

આધ્યાત્મિકતાનો જે પ્રાણ છે તે ચેતના સાથે સંબંધિત છે. તેનો આપણાં કાર્યો સાથે કોઈ સંબંધ નથી. આપણાં કાર્યો હાથપગથી કરી શકાય છે, જીભના ટેરવાથી કરી શકાય છે, વસ્તુઓની હેરાફેરીથી કરી શકાય છે તે બધાં કલેવર છે અને એ બધાં કર્મકાંડ પેલા પ્રાણના રક્ષણ માટે છે, જેમ કે નારિયેળના ગોટાના રક્ષણ માટે તેની ઉપર લાકડા જેવું જાડું પડ બનાવવામાં આવ્યું છે.

આ કર્મકાંડની કિંમત પણ પેલા બહારના પડ જેટલી જ છે. તે માત્ર બાળવાના કામમાં જ આવે છે. અને અંદરનો ગોટો ? બેટા, તે તો એક રૂપિયાનો હોય છે. સ્વાદ શેમાં છે ? ગોટામાં છે. અને બહારના લાકડા જેવા પડમાં ? તેને ચાવો એન દાંત તોડો. તેની કોઈ કિંમત છે ? ના, નથી.

કર્મકાંડની બાબતમાં લોકોના મનમાં એવો ખ્યાલ છે કે આ કર્મકાંડ કરવાથી અમને આ ફાયદો થશે અને અમુક કર્મકાંડ કરવાથી અમને અમુક સિદ્ધિ મળી જશે.

આ કર્મકાંડ કરવાથી અમુક દેવી પ્રસન્ન થઈ જશે. આ કર્મકાંડ કરવાથી અમુક દેવ પ્રસન્ન થઈ જશે.

### મર્મસ્થલ બીજું જ છે.

મિત્રો ! આવું નથી થઈ શકતું. અધ્યાત્મના બધા જ લાભ જો ક્યાંય હોય તો એ મર્મસ્થલમાં છે કે જયાં માણસનો પ્રાણ, માણસની ચેતના અને તેની નિષ્ઠા તથા વિશ્વાસ કામ કરે છે અને જયાંથી માણસનું જીવન પ્રભાવિત થાય છે.

વાસ્તવમાં આ જીવનને પ્રભાવિત કરવા માટે, આસ્થાઓને પ્રભાવિત કરવા માટે, વિચારણાઓને પ્રભાવિત કરવા માટે, ક્રિયાઓને પ્રભાવિત કરવા માટે અધ્યાત્મરૂપી પ્રાણનું નિર્માણ કરવામાં આવ્યું છે કે જેથી માણસ તેના પ્રભાવમાં આવીને શ્રેષ્ઠ વ્યકિત બની શકે, આદર્શ વ્યકિત બની શકે, મહાન બની શકે, ઉજ્જવળ વ્યકિત બની શકે, મહાત્મા બની શકે અને પરમાત્મા બની શકે.

જેને તમે પૂજા કહો છો, પાઠ કહો છો, કથા કહો છો અને રામાયણ કહો છો એ બધાં કર્મકાંડને હું ખેલ કહું છું. આ બધા ખેલ એટલા માટે ઊભા કરવામાં આવ્યા છે કે જેથી માણસનો વિશ્વાસ, તેનું ચિંતન, તેના વિચાર અને આસ્થાઓ શુદ્ધ અને પવિત્ર થતી જાય, વિકસિત થતી જાય. જો તેમનો ઉદ્દેશ્ય તમે નહિ જાણો, તેમના કારણ નહિ જાણો તો પછી તમને કોઈ લાભ નહિ મળે. તમારી ઇચ્છા હોય તેટલા કર્મકાંડ કરતા રહો, પરંતુ તમારે ખાલી હાથ રહેવું પડશે. ફરિયાદો કરવા સિવાય બીજી કોઈ વસ્તુ તમને મળવાની નથી.

### જેમ કે કલમ દ્વારા પરીક્ષા આપવી.

મિત્રો ! હું તમને કર્મકાંડ એ અર્થમાં સમજાવી દઉં છું અને કર્મકાંડની વ્યાખ્યા તથા તેના પ્રાણની વ્યાખ્યા, જે સિદ્ધાંતવાદ સાથે સંબંધિત છે તેને એ જ રૂપમાં કહી રહ્યો હતો, જેમ કે કલમ અને કાગળ દ્વારા લેખો લખવામાં આવે છે.

બી.એ. પાસ કરવું, એમ.એ. પાસ કરવું, પીએચ.ડી.ની થીસિસ લખવી એ બંનેમાં શો સંબંધ છે ? બાહ્ય દૃષ્ટિએ તમે જુઓ તો કલમ દ્વારા જ પરીક્ષા આપવામાં આવે છે અને કલમ દ્વારા જ પીએચ.ડી. ના બધાં કામ થાય છે. કાગળ દ્વારા થાય છે ખરા ? જો હું તમને ટીટાગઢનો સારામાં સારો કાગળ લાવી આપું અને પાર્કર પેન આપી દઉં તથા સ્વાનની સારામાં સારી શાહી લાવીને આપું તો શું તમે પીએચ.ડી. થઈ શકશો ? શું તમે બી.એ. માં ફર્સ્ટક્લાસ લઈ આવશો ?

જો તમારો એવો ખ્યાલ હોય તો તે ખોટો છે. જો તમે પેનને મહત્વ આપશો તો હું કહીશ કે તમરી વાત ખોટી છે, પરંતુ જો કોઈ તમને કહે કે ફાઉન્ટન પેન નકામી છે, કાગળ નકામો હોય છે અને શાહી પણ નકામી હોય છે તો પછી હું કહીશ કે તમારું જ્ઞાન ગમે તેટલું મોટું હોય, તમારું અધ્યયન ગમે તેટલું મોટું હોય, તમારી માનસિક સ્થિતિનો વિકાસ ગમે તેટલો વધારે હોય, પરંતુ જ્યારે તમે પરીક્ષા આપવા જશો ત્યારે તમારી પાસે કાગળ, કલમ અને શાહી નહિ હોય તો પ્રશ્નોના જવાબ લખવાનું મુશ્કેલ બની જશે. પછી તમે પાસ નહિ થઈ શકો. ના સાહેબ ! મને તો બધું મોઢે છે.

હું તો માસ્ટર સાહેબને બધું કહી સંભળાવીશ, પ્રિન્સિપાલ સાહેબને બધું સંભળાવી દઈશ અને હું પાસ થઈ જઈશ. ના બેટા, એવી રીતે પાસ ના થવાય. એના માટે જવાબ પેપરની જરૂર પડે છે અને કલમની પણ જરૂર પડે છે.

### આ અધ્યાત્મનો મૂળ ધર્મ છે

મિત્રો ! કાગળ અને કલમની જેટલી જરૂર છે એટલી જ જરૂર કર્મકાંડની છે. ગાયત્રી ઉપાસના માધ્યમથી હુ તમને આ શિબિરમાં કર્મકાંડ શિખવાડું છું, જેમ કે જલપ્રક્ષાલન, આચમન વગેરે. આ બધાં કાર્યો વિશુદ્ધ કર્મકાંડ છે. તેમની પાછળ છુપાયેલા પ્રાણને જો હું તમને સમજાવું નહિ, એમની પાછળ રહેલા સંકેતોને જો ન સમજાવું, એમની અંદર જે જીવન ભરેલું છે તેને ન સમજાવું તો મિત્રો , હું તમારી સાથે વિશ્વાસઘાત કરું છુ અને મારા આત્માની સાથે દગો કરું છું.

જો હું તમને એટલું જ સમજાવતો રહું કે આ કર્મકાંડની અમુક ફાયદો થશે, દેવીનો પાઠ કરવાથી આ ફાયદો થશે, ચંડીનો પાઠ કરવાથી આવો ફાયદો થશે, શિવજીનો પાઠ કરવાથી આવો લાભ મળશે અને ચોવીસ હજાર જપ કરવાથી આવો ફાયદો થશે.

જો હું તમને માત્ર આટલું જ સમજાવતો રહું અને એમ કહું કે તમારે જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવવાની કોઈ જરૂર નથી. તમે પાપી જીવન જીવો અને સાવ હલકું જીવન જીવો દેવીની ખુશામત કરો, સંતોષીમાતાની  ખુશામત કરો, ગણેશજીની ખુશામત કરો, હનુમાનજીની ખુશામત કરી લો. બસ , તમારું કામ સિદ્ધ થઈ જશે અને તમારો હેતુ પુરો થઈ જશે. જો હું તમારામાં માત્ર આવો વિશ્વાસ બેસાડી દઉં તો હું અધ્યાત્મવાદની સાથે, જીવાત્માની સાથે અને જેમણે આ આધ્યાત્મવાદનું સમગ્ર કલેવર ઊભું કર્યું છે એ બધાની સાથે વિશ્વાસઘાત કરનારો બનીશ.

### મહત્વ પ્રેરણાઓનું છે. શિક્ષણનું છે

મિત્રો ! હું વિશ્વાસઘાત કરી શકું નહિ. હું તમને સાચી વાત સમજાવીને જ રહીશ. તમે અધ્યાત્મ શીખવા ઇચ્છો તો તમારી મરજી અને ન ઇચ્છો તો પણ તમારી મરજી. હું કર્મકાંડોનું આકાશ જેવું અને હિમાલય જેવું માહાત્મ્ય બતાવી શકું નહિ. હું તો તમને એ બતાવીશ કે જો સંપૂર્ણ માહાત્મ્ય ક્યાંય હોય તો તે તેની ધારાઓમાં છે, દિશાઓમાં છે, પ્રેરણાઓમાં છે અને શિક્ષણમાં છે. આ કર્મકાંડોના માધ્યમથી જે હું શિખવાડું છું, સમજાવું છું તે માધ્યમ જો ના હોય તો હું તમને કોઈ રીતે શિખવાડું ? જો મારી પાસે બ્લેકબોર્ડ અને ચોક ના હોય તો હું તમને ગણિત કઈ રીતે શિખવાડી શકું ? તમે જરા બતાવો તો ખરા. જો નકશો ના હોય તો હું તમને સડક કઈ રીતે બતાવી શકું ? ટાઈમ ટેબલ ના હોય તો કેવી રીતે બતાવું કે કઈ રેલગાડી ક્યાં સુધી જશે ? અને તમારે કઈ રેલગાડી દ્વારા જવું જોઇએ ?

### કષ્ટકારક ગેરસમજ

પરંતુ જો તમારું મગજ ખરાબ હોય અને હું તમને નકશો આપું, ટાઇમટેબલ આપું અને કહું કે આ સડક જઈ રહી છે તેની પર તમે ચાલો. હું કેવી રીતે જઈ શકું ?

મારી પાસે તો પૈસા પણ નથી, મારા પગ કામ કરતા નથી, મારી અક્કલ કામ કરતી નથી, તો એ નકશાનું હું શું કરું ? તમે મારો સમય બરબાદ કરો છો. સારું બેટા ! જ્યારે તારી પાસે અક્કલ જ નથી, પૈસા નથી. જવાની યોગ્યતા નથી તો પછી નુકશાની કોઈ જરૂર નથી. તે નકામો છે. નકશાનો ફાયદો તો ત્યારે થાય કે જ્યારે તમારામાં જવાની અક્કલ હોય, જવાનું સાધન હોય. જ્યારે અક્કલ કે સાધન નથી અને હું કહું કે લો સાહેબ, હું નકશો લઈ આવ્યો. કયાંનો નકશો લાવ્યો ? ચારેય ધામનો લઈ આવ્યો. બદરીકેદાર જઈશું. જુઓ આ રહી ગંગોત્રી, આ રહી યમનોત્રી. સારું બેટા, આ નકશાની આસપાસ આંટા મારી લે. તારા ચારેય ધામ થઈ જશે. ના મહારાજ, આવું તો ના થઈ શકે. મારા પગમાં જ્યારે શકિત હોય ત્યારે જઈશ. બેટા, હમણાં તો તાકાત નથી. તેથી નહિ જઈ શકે.

### માત્ર કથા સાંભળવાથી કોઈ કલ્યાણ નહિ થાય

મિત્રો ! આધ્યાત્મિકતાની બાબતમાં એક ગેરસમજ કેટલી કષ્ટદાયક, અજ્ઞાનથી ભરેલી, સાવ મૂર્ખતાપૂર્ણ અને અનૈતિક છે, જેમાં આપણને કહેવામાં આવ્યું કે આ કાર્ય કરવાથી અને આ કથા સાંભળવાથી આવો ફાયદો થશે. કથા સાંભળવા માત્રથી જો કોઈ ફાયદો થતો હોય તો રોજ કથાઓ થતી રહે છે. એનાથી સાંભળનારાંઓને કોઈ ને કોઈ ફાયદો થવો જોઇતો હતો, તેમનો ઉદ્ધાર થઈ ગયો હતો.આનાથી કોઈ ફાયદો થઈ શકે ?

ના, કોઈ ફાયદો નથી થતો. જો જીભથી કથા સંભળાવવામાં આવી હોય અને તમે કાનથી સાંભળી હોય, પરંતુ તેનો પ્રાણ, તેનું જીવન, તેનું રહસ્ય તથા તેનો મર્મ તમારા જીવનમાં આવી ગયો હોય અને તમે એવો નિશ્ચય કરી લીધો હોય કે આ કથાની પ્રેરણા પ્રમાણે, રામાયણ પ્રમાણે, ભાગવત પ્રમાણે હું જીવન જીવીશ અને એવાં કાર્યો કરીશ, તો મિત્રો, હું તમને વિશ્વાસ આપું છું કે રાજા પરીક્ષિતની જેમ તમને ભાગવતનો ફાયદો થઈ શકે, પરંતુ જો તમે પરીક્ષિતની જેમ જીવત નહિ જીવો તો હું એ સિદ્ધાંતનું ખંડન કરીશ કે જેમાં બતાવવામાં આવ્યું હતું કે જે ધુધુંકારી હતો તે વાંસની ગાંઠો ફોડતો ફોડતો સાત દિવસ ભાગવત સાંભળીને ફટ દઈને એમાંથી નીકળી ગયો હતો.

## વ્યાપેલી નાસ્તિકતા

મિત્રો ! હું એ વાતનું ખંડન કરું છું અને કહું છું કે આ વાત ખોટી છે, આવું થઈ શકે નહિ. વાર્તા સાંભળવાથી કોઈ વ્યકિત અધ્યાત્મનો લાભ મેળવી શકતી નથી. એ વાતને તેણે પોતાના જીવનમાં ધારણ કરવી પડે છે. એ માર્ગે ચાલવા માટે તૈયાર થવું પડે છે, પરંતુ આપણને તો એ માર્ગની ઉપેક્ષાની વાત બતાવવામાં આવી છે અને એવું કહેવામાં આવ્યું છે કે એ માર્ગે ચાલવાની કોઈ જરૂર નથી. માત્ર સાંભળવું પૂરતું છે. આ જ કારણે બધું સત્યાનાશ થઈ ગયું અને નાસ્તિકતા ફેલાઈ ગઈ. નાસ્તિકતાની બાબત મને સાવ ખરાબ નથી લાગતી. આપણે તેને કૉમ્યુનિઝમ કહીએ છીએ. એની પાછળ થોડીક હકીકત છે, થોડીક સચ્ચાઈ છે.

મિત્રો ! એક દિવસ એવો આવશે કે આપણે આધ્યાત્મિકતાની દીક્ષા માટે કોમ્યુનિસ્ટો (સામ્યવાદીઓ) તે સૌથી પહેલાં સ્વીકારીશું કારણ કે તેઓ વિચારશીલ છે. તેઓ કહે છે કે ભગવાન હોતો નથી. અમે ભગવાનને જોયો નથી, તેથી અમે તેને માનતા નથી. હા સાહેબ, સાચી વાત છે. તમે જોયો જ નથી તો કેવી રીતે માનો ? પરંતુ જે દિવસે આપણે તેમને ભગવાન બતાવી દઈશું અને ભગવાનને બુદ્ધિથી સાબિત કરી દઈશું, પ્રત્યક્ષવાદના સિદ્ધાંતોના આધારે, વિજ્ઞાનના આધારે સાબિત કરી દઈશું તો મને વિશ્વાસ છે કે આખી દુનિયાના સામ્યવાદીઓ મારા શિષ્ય બની જશે, પરંતુ તમે કદી નહિ બની શકો, કારણ કે આધ્યાત્મિકતાના આધારભૂત સિદ્ધાંતોને તમે કાપીને ફેંકી દીધા છે અને તેમનું સત્યાનાશ કરી નાખ્યું છે. તેથી તમે પાકા નાસ્તિક છો અને આખી જિંદગી નાસ્તિક જ રહેશો. તમે ભગવાનના દ્રોહી જેવું આચરણ કરતા રહેશો.

## કર્મોની ઉપેક્ષા એ પોતાની સાથે દગો

મિત્રો ! આસ્તિકતાનો મૂળભૂત સિદ્ધાંત કર્મફળ છે. માણસ શ્રેષ્ઠ કર્મ કરવા જોઇએ અને ખરાબ કર્મો કરવાથી દૂર કરવું જોઇએ. આધ્યાત્મિકતાનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે માણસ અનૈતિક આચરણથી દૂર રહે અને શ્રેષ્ઠ આચરણ કરે. મનુષ્ય બુરાઈઓથી દૂર રહે અને ઉત્તમ કાર્યો કરે, પરંતુ હે ભગવાન ! આ શું થઈ ગયું ?

આપણું અધ્યાત્મ નાસ્તિકવાદી બની ગયું. તેની પર આપણે વિશ્વાસ કરવા લાગ્યા. આ નાસ્તિકવાદી અધ્યાત્મે મૂળભૂત સિદ્ધાંતોને કાપીને ફેંકી દીધા, નષ્ટ કરી નાખ્યા અને સાવ ઊંધો પ્રચાર કરવાનું શરૂ કરી દીધું.

આપણા અધ્યાત્મએ આપણને એક ગંદી વાત શિખવાડી દીધી કે તમે ગંદા કામ કરો. એવાં કામ કરવાની તમને પુરેપૂરી છૂટ છે. તમે ગંગાજીમાં સ્નાન કરો. એનાથી તમારા બધાં પાપો ધોવાઈ જશે. લોકોને છેતરવાનો અભ્યાસ તો આપણને પહેલેથી જ છે. આપણે સમાજને છેતરી શકીએ છીએ. આપણે અનૈતિક હોવા છતાં પણ એવો ઢોંગ કરી શકીએ છીએ કે જેનાથી લોકોને લાગે કે આ સંત છે, મહાત્મા છે. એ તો ચારેય ધામની યાત્રા કરે છે. તેઓ તિલક કરે છે અને ભજન કરે છે. સમાજને છેતરવાનો આપણને પુરેપૂરો અભ્યાસ છે કે લોકો આપણને ધર્માત્મા માનતા રહે, ભલે પછી આપણે ગમે તેટલા ખરાબ કામ કરતા રહીએ.

સસ્તો શોર્ટકટ : મિત્રો ! સરકારને છેતરવાનો આપણને પૂરેપૂરો અભ્યાસ છે. લાંભ આપીને કે બીજી રીતે અને ડબલ ચોપડા રાખીને આપણે સરકારને ઘણા દિવસોથી છેતરતા રહીએ છીએ. આપણે કાયદાને પણ ઘોળી પીએ છીએ. ફકત એક જ આધાર બાકી રહતો હતો – પરલોકની અને પુનર્જન્મનો. તેને આ ગંદા અધ્યાત્મે નષ્ટ કરી નાખ્યો. હું આવા ગંદા અધ્યાત્મ પર લાંછન લગાવું છું કે એ ભ્રષ્ટ અને દુષ્ટ છે. એ કેવી રીતે ભ્રષ્ટ છે ? એ એવી રીતે ભ્રષ્ટ છે કે એણે સમર્થન કર્યું છે કે તમને અનૈતિક કામ કરવાનો કોઈ દંડ મળતો નથી અને કોઈ સજા પણ થતી નથી.

તમારા અનૈતિક કાર્યોના દંડમાંથી બચવા માટે અમારી પાસે ખૂબ સસ્તા અને સરળ ઉપાય છે. એમાં તમારે એક પૈસો પણ ખર્ચવો નહિ પડે અને તમારા બધાં પાપ પણ નષ્ટ થઈ જશે. કઈ છે તે સાવ સસ્તી રીત ? ગંગાજીમાં નહાઓ અને તમારા પાપોને ધોઈ નાંખો અને તેમના દંડથી બચો. ભલે ગમે તેટલા પાપ કરો. દર વર્ષે સો મણ પાપ કરો અને એકવાર ગંગાજીમાં ડૂબકી મારો તથા બધાં પાપોમાંથી છુટકારો મેળવો.

## આપણે બધું ખૂબ સસ્તું બનાવી દીધું

મિત્રો ! આનો શો અર્થ છે ? એનો અર્થ સ્પષ્ટ છે કે તમને પાપ કરવાની પૂરેપૂરી છૂટ છે. તમારે ભગવાનના દંડથી ગભરાવાની કોઈ જરૂર નથી. ભગવાનને તમે ખોટા પાડી શકો છો. ભગવાનને તમે છેતરી શકો છો. ભગવાનને તમે સુવડાવી શકો છો. ભગવાનને છેતરવા માટે લોકોએ આપણને અનેક નવી નવી રીતો શિખવાડી દીધી છે. સરકારને છેતરવા માટે તો તમારે ઈન્સ્પેકટરને લાંચ આપવી પડતી હતી અને સમાજને છેતરવા માટે બહુ ઢોંગ કરવો પડતો હતો, પરંતુ ભગવાનને છેતરવા તો ખૂબ સહેલા છે.

બસ, ગંગાજીના પાણીમાં એક ડૂબકી મારો અને થઈ ગયો તમારો ઉદ્ધાર. બેટા, આ શું થયું ? આ કઈ નવી રીત છે ? મિત્રો ! આ એવી ગંદી રીતો છે, જેણે અધ્યાત્મના મૂળ ઉદ્દેશ્યનો નાશ કરી નાખ્યો. તેણે અધ્યાત્મને ભ્રષ્ટ કરી નાખ્યું. આપણને અધ્યાત્મ એટલા માટે શિખવાડવામાં આવ્યું હતું કે માણસ શ્રેષ્ઠ જીવન જીવે, ચરિત્રનિષ્ઠ જીવન જીવે, આદર્શ જીવન જીવે. આ એક જ કારણે હતું.

બધાં ધર્મશાસ્ત્રો એટલા માટે જ રચવામાં આવ્યાં હતા, પૂજાપાઠ એટલા માટે જ બનાવવામાં આવ્યાં હતા, જપતપ એટલા માટે જ નક્કી કરવામાં આવ્યાં હતા, પરંતુ આપણે એ બધું બરબાદ કરી નાખ્યું, સસ્તું કરી નાખ્યું. શેને સસ્તું કરી નાખ્યું ? સ્વર્ગને સસ્તું કરી નાંખ્યું, ભગવાનની પ્રસન્નતાને તથા પરલોકને સાવ સસ્તા કરી નાખ્યાં. હવે આપણે શ્રેષ્ઠ કામ કરવાની કોઈ જરૂર જ નથી. લોકકલ્યાણ માટે ત્યાગ અને બલિદાન કરવાની કોઈ જરૂર નથી. તમે સાવ હલકો અને તુચ્છ ઉપાય કરી શકો છો.

## સત્યનારાયણની કથા

કયો સસ્તો ઉપાય કરીએ ? બસ, સત્યનારાયણની કથા વંચાવી દો અને પંડિતજીને સવા રૂપિયા આપી દો. “ઈહ લોક સુખં ભુક્તવા, ચાંતે સત્યપૂરોમયે” એક રાજા હતો. તે ચોર હતો.

સત્યનારાયણની કથા વંચાવ્યા પછી તેને આ લોકમાં બધાં સુખો પ્રાપ્ત થયા અને અંતે સત્યલોક સ્વામીના બ્રહ્મલોકમાં જતો રહ્યો. બોલો સત્યનારાયણ ભગવાનની જય. અરે દુષ્ટો, આ શું કરી રહ્યા છો ?

અરે અભાગિયાઓ ! તમે આધ્યાત્મિકતાના સિદ્ધાંતોનો સત્યાનાશ કરી રહ્યા છો. કર્મકાંડ કરાવ્યા પછી સવા રૂપિયો આપીને, દેવીદેવતાઓનાં પથ્થરનાં રમકડાને જોઈને તમે એવાં સ્વપ્નોમાં રાચો છો કે આપણે આદર્શ જીવન જીવવાની કોઈ જરૂર નથી. નાનું મોટું કર્મકાંડ કરી લો. ક્યાંક જઈને પથ્થરનાં રમકડાને કશુંક આપી આવો.

## આટલી સસ્તી મુકિત ?

તમે બદરીનાથ જાઓ અથવા બીજે ક્યાંક જાઓ. ચારેય ધામની યાત્રાની ટિકિટ ખરીદી લો. એક ટિકિટ કેટલા રૂપિયાની આવે છે ? સાહેબ, ત્રણસો એકાવન રૂપિયાની આવે છે. સારું સાહેબ, ચારેય ધામની યાત્રા કર્યા પછી શું થશે ? વૈકુંઠ જવું પડશે, સારું, અને બીજું ? સ્વર્ગલોકમાં જવું પડશે. પછી ? મુકિત અને સ્વર્ગ મળશે અને શાંતિ મળશે. ત્રણસો એકાવન રૂપિયામાં આ બધું જ મળી જશે. આટલા પૈસામાં તમે બધું જ ખરીદી શકો છો અને સેરસપાટા પણ કરી શકો છો, મોજમસ્તી પણ કરી શકો છો, સિનેમા પણ જોઈ શકો છો, બધી ઈમારતો પણ જોઈ શકો છો અને મફતમાં વૈકુંઠ પણ મેળવી શકો છો.

## તીર્થયાત્રા નહિ, પર્યટન

શું આ શકય છે ? મિત્રો ! આ અંગે મને એક વાત યાદ આવે છે. એક હતા શેઠ. પંડિતજીએ એમને સમજાવ્યું કે તમે ચારેય ધામની યાત્રા કરો. ભગવાન તમારા વશમાં થઈ જશે. તેઓ સ્વર્ગલોકમાં  જ રહે છે. ભગવાન પણ તમારી ખુશામત કરશે. બ્રહ્માજી પણ કરશે. વિષ્ણુજી પણ કરશે અને શંકરજી પણ કરશે. પરલોકમાં જશો તો બધા તમારી ખુશામત કરશે અને તમારા નોકર બની જશે. તેથી તમે ચારેય ધામની યાત્રા કરી લો. શેઠજી તૈયાર થઈ ગયા. આટલા ઓછા પૈસામાં આટલો સરસ સોદો ભલા બીજો કયો થઈ શકે ?

આમાં ના તમારે કોઈ ત્યાગ કરવો પડે, ના સંયમ રાખવો પડે કે જીવનમાં તમારે બીજું કંઈ કરવું નહિ પડે. ત્રણસો એકાવન રૂપિયામાં બધાં દેવીદેવતા તમારા ગુલામ થઈ જશે. બ્રહ્માજી પણ ગુલામ થઈ જશે અને સ્વર્ગલોકમાં તમારી સીટ પણ રિઝર્વ થઈ જશે.

સારું, તો હું ચારેય ધામની યાત્રા કરી આવીશ. શેઠાણી થોડાં સમજદાર હતા. એમણે કહ્યું કે સ્વામી, આપણે જઈશું, પણ માત્ર ફરવા માટે જઈશું. આપણે પ્રવાસ કરીને તમાશો જોવો છે. વૈકુંઠ મળશે, ભગવાન મળશે એવા ભાવથી તમે શા માટે જાઓ છો ? હું પણ તમારી સાથે આવીશ. જયાં ફરવાની સારી જગ્યા હોય ત્યાં જઈશું. ધર્મશાલાઓમાં કે હોટલોમાં રોકાઈશું. સિનેમા જોઈશું અને મોજ કરીશું. આમાં ભગવાનને શા માટે સામેલ કરો છો ? ફરવું તે સારી બાબત છે. પર્યટન કરવું તે સારી બાબત છે, પણ પર્યટન કરવાને અને ફરવાને ભગવાન તથા મુકિત સાથે શો સંબંધ હોઈ શકે ? તમે તમારા મગજમાંથી આ વિચાર કાઢી નાખો. ના સાહેબ, હું તો વૈકુંઠ જોવા જઈશ અને ચારેય ધામની યાત્રા કરવા જઈશ. ત્યારે શેઠાણીએ કામ કર્યું. તેમણે કહ્યું કે હું પણ તમારી સાથે આવીશ.

### શેઠાણીએ આત્મબોધ કરાવ્યો

શેઠ અને શેઠાણી ચારેય ધામની યાત્રા માટે રવાના થઈ ગયા. રવાના થતા પહેલાં શેઠાણીએ એક રીંગણને રૂમાલમાં વીંટીને પોતાની સાથે લીધું અને જયાં જયાં સ્નાન કર્યું ત્યાં ત્યાં તે રીંગણને પણ નવડાવ્યું. શેઠજીએ પૂછયું કે આ શું કરી રહી છે ? અરે સાહેબ, તમને શું વાંધો છે ? હું તેને વૈકુંઠ લઈ જઈશ અને મુકિત અપાવીશ. બદરીનાથજીનું મંદિર આવી ગયું. રીંગણને રૂમાલમાંથી બહાર કાઢીને ભગવાનના દર્શન કરાવ્યાં. પછી પોતે દર્શન કર્યા. તીર્થયાત્રા કરીને તેઓ જ્યારે ઘેર પાછાં ગયા ત્યારે તેમણે શેઠજીને કહ્યું કે હું તમને એક અદ્ભૂત વસ્તુ ખવડાવીશ. શું ખવડાવીશ ? સાક્ષાત્ અમૃત ખવડાવીશ. દેવો શું ખાય છે ? અમૃત ખાય છે.

## ઋષિ ચિંતનના સાંનિધ્યમાં

સ્વર્ગલોકમાં શું રહે છે ? અમૃત રહે છે. હું તમને અમૃતપાન કરાવીશ. સારું, કરાવો. ચારેય ધામની યાત્રા દરમિયાન જે અમૃત મળ્યું છે તે તમારે ખાવું જોઇએ. હા, ખવડાવો. પેલું રીંગણ ત્રણ મહિનાની યાત્રા સુધીમાં તો સાવ સડી ગયું હતું. શેઠાણીએ તેનું શાક બનાવ્યું અને શેઠજીને પીરસ્યું.

બસ, આ જ અમૃત છે. તમે ખાઓ. સડેલું અને દુર્ગંધવાળું રીંગણનું શાક જેવું શેઠજી ખાવા ગયા કે તેમને તીવ્ર દુર્ગંધ આવી અને છતાંય મોઢામાં મૂકયું તો ઊલટી થઈ ગઈ. અરે અભાગણી, તું આ શું ખવડાવી રહી છે ? ઝેર ? ના, ઝેર નથી ખવડાવી રહી. હું તો તમને ચારેય ધામની યાત્રાની યાત્રા કર્યા પછી રીંગણ આટલું બધું સડી ગયું અને તેનો સ્વાદ બગડી ગયો તો તમે કેવી રીતે માનો છો કે ઠેરઠેર પથ્થરનાં રમકડા જોઈને અને પર્યટન કર્યા પછી આપણો કોઈ આધ્યાત્મિક ઉદ્દેશય પૂરો થઈ શકે ? બેટા, કોઈ આધ્યાત્મિક ઉદ્દેશ્ય પૂરો થતો નથી. આજની વાત સમાપ્ત. ૐ શાંતિ.

### જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.